# આઈસીએઆર યોજના અંતર્ગત ખેડૂત શિબિર

પક્ષીશાસ્ત્ર અને જૈવિક નિયંત્રણ યોજના, આઈસીએઆર, યુનિટ-૯, આકૃયુ, આણંદ ના સંયુક્ત ઉપક્રમે ટ્રાઈબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટવિતરણનો કાર્યક્રમ તા. ૧૯/૦૭/૨૦૧૯ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નર્મદા-ડેડીયાપાડા ખાતે ડૉ. ડી. એમ. મહેતા, યુનિટ અધિકારીશ્રી આઈસીએઆર,યુનિટ-૯, આકૃયુ, આણંદના તેમજ ડૉ. સી. કે. બોરડ, ઓર્નિથોલોજીસ્ટ ના સીધા માર્ગદર્શન હેઠળ આ ખેડૂત શિબિર ગોઠવવામાં આવેલ. જેમાં નર્મદા જીલ્લાના વિવિધ ૫ ગામના કુલ ૧૦૦ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ. આ ખેડૂત શિબિરમાં વિવિધ પક્ષીઓ તેમજ જૈવિક નિયંત્રકોનો પાકસંરક્ષણમાં ઉપયોગીતા અને તેમની કૃષિક્ષેત્રે જાળવણી વિશે ઉંડાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપ્યુ હતું. આ જૈવિક પધ્ધિતઓને પોતાના ખેતરમાં અપનાવવા પ્રેરિત થાય તે હેતું, પક્ષીઓ માટે લાકડાના માળાઓ, ફળફળાદી ઝાડના રોપા,  વિવિધ ખેતઓજાર, જૈવિક ખાતર અને જૈવિક નિયંત્રકોનું ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું હતું.

ઓર્નિથોલોજી યોજનાના દ્વારા ઈનપુટ કીટમાં આપવામાં આવેલ વિવિધ ઈનપુટ ઉપયોગીતા વિશે વિસ્તારપૂર્વક માહિતી, જુનિયર ઓર્નિથોલોજીસ્ટ ડૉ. જે. જી. દુલેરા દ્વારા આપવામાં આવી હતી. જૈવિક નિયંત્રણ યોજનાના ડો. રઘુનંધન, મદદનીશ પ્રાધ્યાપક તથા ડૉ. નેહા પટેલ, રીસર્ચ એસોસિયેટ દ્વારા પરભક્ષી કીટકો વિષે ચર્ચા કરવામાં આવી હતી અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું. આ ખેડૂત શિબિરમાં ઓર્નિથોલોજી યોજનાના ડૉ. સી. કે. બોરડ, ઓર્નિથોલોજીસ્ટ દ્વારા પક્ષીઓના સંરક્ષણની પાક સંરક્ષણ માટે મહ્તા પર વિસ્તૃત સમજણ  આપી ખેડૂતોને પક્ષીઓ વિશે જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંપુર્ણ કાર્યક્રમનું સુબધ્ધ રીતે સંચાલન ડૉ. હીતેશ જાદવ, એસએમએસ, કેવીકે (પાક સંરક્ષણ), દેડીયાપાડા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી સર્વે ખેડૂતમિત્રો, કેવીકે ડેડીયાપાડાના કર્મચારીમિત્રોના આભારદર્શન આઈસીએઆર યોજના વતી ડૉ. જે. જી. દુલેરા દ્વારા કર્યા અને કાર્યક્રમ પૂર્ણ કરાયો.




પક્ષીશાસ્ત્ર અને જૈવિક નિયંત્રણ યોજના, અંતર્ગત ડેડીયાપાડા ખાતે યોજાયેલ ખેડૂત શિબિર તથા કીટવિતરણ કાર્યક્રમ ની ઝાંખી